# સાર્વજનિક વિદ્યાલય કિમ્બુવા ખાતે સુવર્ણજયંતિ મહોત્સવ યોજાયો

પાટણ, તા.૧૦

પાટણ જીલ્લાના સરસ્વતી તાલુકાના શ્રી જુથ કેળવણી મંડળ સંચાલિત સાર્વજનિક વિધાલય કિમ્બુવા ખાતે રાજયકક્ષાના ગૃહમંત્રી શ્રી રજનીકાંતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સુર્વણજયંતિ મહોત્સવ અને દાતાશ્રીઓનો સન્માન સમારોહ અને શાળાના ભૂતપૂર્વ ગુરૂજનો તથા ભૂતપૂર્વ વિધાર્થીઓઓનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ -સંગે ઉત્તર ગુજરાત યુનિર્વસીટીના ઉપકુલપતિ શ્રી દિપુબા દેવડા અને નિરમા પરિવારના સભ્ય શ્રી -હલાદભાઈ પટેલ, ડૉ. કરશનભાઈ પટેલ, તથા મહાનુભાવો ઉપસથિત રહ્યા હતા.

આ -સંગે રાજયકક્ષાના ગુહમંત્રી શ્રી રજનીકાન્તભાઈ પટેલ જણાવ્યું હતું કે, શિક્ષણ માટે ગામનો પરિવાર એક થઈ સુર્વણજયંતિ મહોત્સવ ઉજવી રહ્યો છે. ત્યારે તે બદલ ગ્રામજનોને ધન્યવાદ પાઠવતાં ગામની એકતા, સંપ કામ કરવાની ધગશતાનાં વખાણ કર્યા હતા. ગામમાં શિક્ષણ હશે તો જ ગામનો વિકાસ શક્ય બનશે. આજુબાજુના ગામડાના બાળકો પાયાથી માંડી ઉચ્ચત્તર માધ્યમિક શાળા સુધીનો અભ્યાસ ગામડાઓમાં પૂર્ણ કરવા તથા આજના યુગમાં કન્યા કેળવણીનું ખૂબ જ મહત્વ હોઈ કોઈપણ દિકરી અભણ ના રહે તેની જવાબદારી ગ્રામજનોની રહે છે.આજે શિક્ષણથી જ ગામડાઓ ઉજ્જવળ બન્યા છે. ત્યારે ગ્રામ્ય બાળકો શિક્ષણક્ષેત્રે વધુ ને વધુ -ગતિના સોપાન સર કરે તેવા અભિનંદન પાઠવ્યા હતા.

આ -સંગે હેમચંન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઉપ કુલપતિ શ્રી ડૉ. દિપુબા દેવડાએ જણાવ્યું હતુ કે, બાળકોને શિક્ષણરૂપી જ્ઞાન આપવામાં આવશે તો જ શિક્ષણ રૂપી દિવડાથી સમાજમાં રહેલ અંધારાને દુર કરી શકાશે. ગ્રામજનોને દીકરીઓને ભણાવવા અને ઉચ્ચ શિક્ષણ -ાપ્ત કરાવવા ઉપર ભાર મુક્યો હતો. આ અંગે નિરમા પરિવારનાં સભ્યશ્રી -હલાદભાઈ પટેલે પણ બાળકોને સારા સંસ્કારો અને શિક્ષણનું જ્ઞાન આપવા ભાર મૂક્યો હતો. આ -સંગે દાતાશ્રીઓ અને ભૂતપૂર્વ ગુરૂજનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ -સંગે ડૉ. કરશનભાઈ પટેલ સ્વામી વિવેકાનંદના -સંગ દ્વારા શિક્ષણ મેળવવાનું મહત્વ સમજાવી શિક્ષણથી થતા ફાયદા જણાવ્યા હતા શાળાના -ાર્થનાહોલ અને વારિગૃહનુ મંત્રીશ્રીના વરદ્ હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દાતાશ્રીઓ ગ્રામજનોએ, સંચાલક મંડળ તથા શાળા પરિવારે ઉત્સાહભેર ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ધનસુરામાં રહેણાંક મકાન પાસે ભિષણ આગ લાગતા ૩ અબોલ પશુઓ ભડથુ

## અચાનક લાગેલી આગમાં ૩ પશુઓ, બે બાઈક, એક કાર અને ખેતીના સાધનો બળી જતા ભારે નુકશાન

ધનસુરા, તા. ૧૦

ધનસુરાના મોતીવેણી કંપામાં આજે બપોરે અચાનક જ એક



મકાનની પાસે આગ ભભૂકી ઉઠી હતી. ભીષણ આગની જ્વાળાઓમાં પશુઓ, વાહન અને ઘાસચારો સહિત ખેતીના સાધનો બળીને ખાખ થઈ ગયા. બે કલાકની ભારે જહેમત બાદ ફાયર ફાયટરે આગને કાબુમાં લીધી હતી. અંદાજે આગને લીધે ૧૦ લાખનું નુકશાન થવા પામ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા તાલુકામાં મોતીવેણી કંપા આવેલ છે. જ્યાં આજે બપોરના સમયે ખેડૂત બિપીનભાઈ લક્ષ્મણભાઈ પટેલના રહેણાંક મકાન પાસે અચાનક જ અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠી હતી. ધીમે ધીમે





(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા ક્ષણ વારમાં જ આગની જ્વાળાઓ ખતરનાક બની હતી. પરિણામે મકાનની દિવાલને અડીને બાંધેલ પશુના વાડામાં આગ લાગતા ૨ ગાય અને એક વાછરડી મળી ત્રણ અબોલ પશુઓ આગમાં ભડથુ થઈ ગયા હતા. જ્યારે બાદમાં નજીકમાં રહેલ બે મોટર સાઈકલ એક કાર અને લાખોની કિંમતના ખેતી માટે ડ્રીપ એરીગેશનના સાધનો અને ઘાસચારો આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયો હતો. આસપાસના રહીશોને આગની જાણ થતા તુરંત ફાયર બ્રિગેડને જાણ કરી હતી. તાબડતોડ ફાયરબ્રિગેડની ટીમ બનાવ સ્થળે દોડી આવી હતી અને આગ પર જોરદાર પાણીનો મારો ચલાવી ભીષણ આગ પર બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આ આગનું કારણ હજુ સુધી મેળવી શકાય નથી રહેણાંક મકાનમાં આગની ઘટના બનતા તાલુકાના તંત્રના અધિકારી ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આગને લીધે ખેડૂતને અંદાજે રૂ. ૧૦ લાખનું નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

# પાટણ ખાતે રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના આયોજન અંગે બેઠક

પાટણ, તા.૧૦

રાજય સરકારે આગામી ૧૫ ઓગષ્ટ,૨૦૧૪ના રોજ ૬૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનો રાજયકક્ષાનો કાર્યક્રમ પાટણ ખાતે યોજવા નિર્ણય કરેલ છે.

આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી શાનદાર રીતે થાય તેમજ પાટણના નાગરિકો હોંશભેર ભાગલે તથા સુચારૂ આયોજન માટે જિલ્લા કલેકટરશ્રી એચ.એન ઠકકરની અધ્યક્ષતામાં જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી.

અધ્યક્ષશ્રીએ પાટણ ખાતે ૧૫ મી ઓગ્સ્ટની ઉજવણી ઉલ્લાસભર્યા વાતાવરણમાં ઉજવણી થાય તે માટે અધિકારીશ્રીઓ - કર્મચારીઓને ટીમ પાટણ તરીકે કામ કરવાના આહવાન સાથે આયોજન માટે માર્ગદર્શક સુચનો કર્યા હતા. સ્વાતંત્ર્ય પર્વનો આ કાર્યક્રમ સફળ થાય તે માટે જીલ્લા વહવટી તંત્ર દ્વારા સમગ્ર કાર્યક્રમ દરમિયાન કરવાની થતી વિવિધ કામગીરીઓ માટે મુખ્ય સંકલન સમિતિ, ખાતમહુર્ત-લોકાપર્ણ, કાર્યક્રમો, સ્ટોલ -દર્શન કાર્યક્રમ સમિતિ, મંડપ ડેકોરેશન, સ્ટેજ હેલીપેડ, લાઈટીંગ, બેઠક વ્યવસ્થા, સ્વાગત અને -ોટોકોલ સમિતિ, -ચાર- -સારણ મીડીયા મેનેજમેન્ટ, જીવંત -સારણ, -કાશન, પરેડ, અને સલામતી, વાહન વ્યવસ્થા, અને ટ્રાફિક નિયમન સમિતિ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ટેબ્લોઝ અને ઈનામ, સંન્માન સંબંધી કાર્યોની અંગેની સમિતિઓનું ગઠન કરી નોડલ અધિકારીશ્રીઓની નિમણૂંક કરવામાં આવેલ છે.

નિયુકત થયેલ સમિતીઓ દ્વારા કાર્યક્રમ માટે કરવાના થતા આનુસાંગિક કામગીરી આરંભી દેવા તેમજ કામગીરીનો -ોગ્રેસ રીપોર્ટ સમયાતંરે અધ્યક્ષશ્રીને રજુ કરવા જણાવ્યું હતું. ૬૮મા સ્વતંત્ર્ય પર્વની ઉજવણી ૧લી ઓગસ્ટથી શરૂ કરી દેવામાં આવશે. જેમાં વહીવટી તંત્ર દ્વારા જિલ્લામાં થયેલ -જા ઉપયોગી વિકાસના કાર્યો મહાનુભાવનો હસ્તે ઉદ્દઘાટન, લોકાર્પણ, ખાતમહુર્ત ,ભુમિપૂજન, તરૂયાત્રા દિન, જળ દિન, ઉર્જા દિન,રોજગાર દિન, ખેડૂત દિન, રક્ષાશકિત દિન, આરોગ્ય દિન, હેરટેઝ દિન, પોષણ દિન, સ્વચછતા દિન થીમ અધારિત વિવિધ કાર્યક્રમો કરવામાં આવશે.

# લીફટ માંગીને લૂંટ ચલાવતી ગેંગને ગાંધીનગર આર.આર. સેલે ઝડપી પાડી

ઊંઝા, તા.૧૦

ગત તા. ૬ઠ્ઠી જૂનના રોજ પાલનપુરથી ઈનોવા કાર હંકારીને અમદાવાદ જઈ રહેલ કારચાલકને કારમાં મુસાફરના સ્વાંગમાં બેઠેલ કેટલાક અજાણ્યા લૂંટારુઓએ માર્ગમાં બ્રાહ્મણવાડા પાસે કારચાલક પર હુમલો કરી નીચે ફેંકી દઈ મોટરકાર મોબાઈલ અને રોકડ રકમની લૂંટ ચલાવી કયાંક નાસી છૂટયા હોવાના ચોંકાવનારા બનાવ સંદર્ભે ગાંધીનગર આર.આર. સેલે આ ગંભીર ગુનામાં સંડોવાયેલ ત્રણ શખ્સોને ઝડી લઈ ગુનાનો ભેદ ઉકેલી દીધેલ છે.

વિગત એવી છે કે ગત તા. ૬ઠ્ઠી જુનના રોજ પાલનપુર કસ્બા વિસ્તારમાં રહેતા પરમાર ગીરીશકુમાર ગફુરભાઈ ઈનોવાકાર લઈને રાત્રિના સમયે અમદાવાદ જવા નીકળ્યા હતા. માર્ગમાં છાપી કાર થોભાવતાં બે ત્રણ અજાણ્યા શખ્સો અમદાવાદ જવાના બહાને મુસાફરના સ્વાંગમાં બેસી ગયા હતા. દરમિયાન રાત્રિના સાડા અગિયાર વાગ્યાના સુમારે આ મોટરકાર બ્રાહ્મણવાડા ગામેથી પસાર થઈ રહી હતી ત્યારે કારમાં મુસાફરના સ્વાંગમાં બેઠેલ બે ત્રણ અજાણ્યા લુંટારુંઓએ કારચાલક પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ત્યારબાદ કારચાલક પાસેથી મોબાઈલ ફોન અને બે હજારની રોકડ રકમ પડાવી લઈ ચાલકને નીચે ફેંકી દીધો હતો અને ઈનોવા કારની લૂંટ ચલાવી કયાંક ફરાર થઈ ગયા હતા.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે લુંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પરંતુ ગુનેગારોના કોઈ સગડ મળ્યા ન હતા. દરમિયાન ગાંધીનગર આર.આર. સેલને મળેલ હકિકતના આધારે તપાસ કરી આ ગુનામાં સંડોવાયેલ મહેબૂબમીયાં સાવજમીયાં સૈયદ મૂળ રહે ભાંખર તા. ઊંઝા હાલ રહે. મુડાણા, તા. સિદ્ધપુર, રફીકશા ઈબ્રાહિમશા સાંઈ (દિવાન) રહે. વેસા તા. વડગામ, જી. બનાસકાંઠા, હનીફશા કોમલશા સાંઈ રહે. છાપી તા. વડગામ, જી. બનાસકાંઠા ને રાત્રિના સમયે ઊંઝા ખાતેથી ઝડપી લઈ સ્થાનિક પોલીસને હવાલે કર્યા હતા.

આમ.આર.આર. સેલે કલાકોમાં હાઈવે લૂંટના ગુનાનો ભેદ ઉકેલી નાખતાં સ્થાનિક પોલીસ તંત્ર ઉંઘતું ઝડપાયું હતું.

# પાલનપુર માળી સમાજ દ્વારા વિદ્યાર્થીઓને ચોપડા, નોટબુક અને સ્કુલ બેગનું વિતરણ

પાલનપુર, તા.૧૦

શાળા-કોલેજોમાં અભ્યાસ



કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે પાલનપુર માળી સમાજ દ્વારા દર વર્ષે સમાજના બાળકોને શિક્ષણ કીટનું વિતરણ કરવામાં આવે છે. માળી સમાજ દ્વારા સમાજના ધો. ૧ થી ૧૨ સુધી અભ્યાસ કરતા બાળકોને નોટબુક, ચોપડા, દફતર સહિત શિક્ષણને લગતી સામગ્રીનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. જેમાં આ વર્ષે આજથી શાળાઓ ખુલતી હોઈ પાલનુપર ખાતે આવેલી માળી સમાજની વાડી ખાતે બાળકોને શિક્ષણ કીટ વિતરણ કરવાનો સમારોહ યોજવામાં આવ્યો હતો. પાલનપુર માળી સમાજના પ્રમુખ જયંતિભાઈ પઢિયારના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સમારોહમાં પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ પઢિયાર, સંપુર્ણ ન્યુઝના એમ.ડી. રશ્મિકાંત મંડોરા, નરેશભાઈ માળી, બકુલભાઈ પઢિયાર સહિત સમાજના આગેવાનો અને વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સમાજના આગેવાનોએ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા દરેક વાલીને પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવા અનુરોધ કર્યો હતો. જ્યારે માળી સમાજના દાતાઓના સહયોગથી ઉપસ્થિત આગેવાનોના વરદ હસ્તે સમાજના ધો. ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નોટબુક, ચોપડા અને સ્કુલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે આ સમારોહમાં સંપુર્ણ ન્યુઝના એમ.ડી. દ્વારા સમાજના વિદ્યાર્થીઓને અભ્યાસ બાદ રોજગારી મેળવવા યોગ્ય દિશા મળી રહે તે માટે ગુજરાત સરકારના રોજગાર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ કારકિર્દી માર્ગદર્શન પુસ્તકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ માળી સમાજના બાળકોમાં શિક્ષણ પ્રત્યે ઋચી વધે તે માટે માળી સમાજ દ્વારા સમાજના બાળકોને શિક્ષણ કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# પાલનપુરમાં પોલીસ-બુટલેગરો વચ્ચે ઘર્ષણ સાઉથની ફિલ્મ જેવા દશ્યો સર્જાયા

## હપ્તા બાબતે ઘર્ષણ થયુ હોય તેવી લોકચર્ચા

પાલનપુર, તા. ૧૦

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાંય આ રાજ્યમાં અન્ય રાજ્યો કરતા વધુ દારૂનું વેચાણ થાય છે. પોલીસની અમી દ્દષ્ટિથી બુટલેગરોની હાટડીઓ લીલીછમ રહે છે. પાલનપુરમાં ડી સ્ટાફમાં ફરજ બજાવતા કોસ્ટેબલ ઉર્ફે વહીવટદાર અને બુટલેગરો વચ્ચે ઘર્ષણ થવા પામ્યું હતું. ઘર્ષણ થતા અહિંયા સાઉથની ફિલ્મમાં જોવા મળતા દશ્યો સર્જાયા હતા.

પાલનપુર શહેર અસામાજિક તત્વોનો અડ્ડો બનતું જાય છે. શહેરમાં ઠેક ઠેકાણે બુટલેગરોના સ્ટેન્ડ જોવા મળી રહ્યા છે. દેશી-વિદેશી આંકડા અને વરલી મટકાની હાટડીઓ ધીમે ધીમે મોલમાં પરિવર્તન પામતી જાય છે. આ બધુજ પોલીસની નજર હેઠળ થાય છે. ત્યારે હાલમાં જ ડી સ્ટાફના કોન્સ્ટેબલ અને બુટલેગર વચ્ચે હપ્તાની બાબતમાં ધમાસાણ મચાયું હતું. સામાન્ય બોલાચાલીની ઘટનાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ. ખુલ્લા રોડ ઉપર ગાળા-ગાળી ચાલુ થઈ ગઈ હતી. ફરવા નિકળેલી પબ્લિક આ જોઈને અવાક થઈ ગઈ હતી ત્યારે અહિંથી પસાર થતા લોકો કહેતા હતા કે પાળેલા કુતરા આજે કરડી રહ્યા છે. આ ઘટનાની જાણ અન્ય બુટલેગરોને થતા બાઈક, કાર અને ધોકા સાથે આવી પહોંચ્યા હતા. જ્યાં સાઉથની ફિલ્મનું શુંટીંગ ચાલતુ હોય તેવા દશ્યો સર્જાયા હતા.

# ખેડબ્રહ્મામાં મીનરલ પાણી મેળવવામાં ફાંફા પડતા લોકોમાં રોષ

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા પાલિકા દ્વારા શહેરમાં મીનરલ પાણી પુરૂ પાડવા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. પણ કુપન ધારકોને પણ નિયમિત પાણી મળતુ ન હોવાથી લોકોમાં રોષ ફેલાયો છે.

ખેડબ્રહ્મા પાલિકા દ્વારા શહેરમાં મીનરલ પાણી પુરૂ પાડવા માટે સોમનાથ મહાદેવ મંદિર પાસે પ્લાન્ટ નાખવામાં આવ્યો છે અને રૂ. ૮ ના દરે એક બોટલ પાણી પુરૂ પાડવા કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. કોન્ટ્રાક્ટર દ્વારા ઘરેઘર મીનરલ પાણી પુરૂ પાડવામાં ઠાગાઠૈયા કરાઈ રહ્યાની શહેરમાં બુમ ઉઠવા પામી છે. શહેરમાં મોટી સંખ્યામાં એડવાન્સ રકમ આપી કુપનો મેળવવામાં આવી છે. ખેડબ્રહ્માના રહીશ પ્રતાપદાન ગઢવીના જણાવ્યા અનુસાર મીનરલ પાણીના કોન્ટ્રાકટર દ્વારા નિયમિત પાણી પુરૂ પાડવામાં આવતું નથી. અઠવાડીયા સુધી રાહ જોઈ અનેક રજુઆતો કરવા છતાં કોન્ટ્રાકટરના પેટનું પાણી હાલતું નથી. લોકો પાણી જન્ય રોગોમાં ન સપડાય તે માટે મીનરલ પાણીની એડવાન્સમાં કુપનો લઈ રાખે છે. કોન્ટ્રાકટર દ્વારા વહાલા-દવલાની નિતી અખત્યાર કરાતી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. વાહન અને બોટલ લઈ પ્લાન્ટ ઉપર જે રહીશ જાય તેને સુગમતાથી પાણી મળી રહેતુ હોવાનુ લોકો જણાવે છે. લોકોને નિયમિત મીનરલ પાણી મળી રહે તેવી લોકોમાં માંગ ઉઠવા પામી છે.

# પાલનપુરના દિલ્હીગેટ બજારમાંથી મહિલાનું પાકિટ ચોરાયું

પાલનપુર, તા. ૧૦

રાજ્યમાં એક બાજુ ગરમીએ કાળો કેર વર્તાવ્યો છે ત્યારે બીજી બાજુ તસ્કરોએ પણ કેર વર્તાવ્યો છે. રાજ્યમાં દિવસે દિવસે ચોરીનું પ્રમાણ વધી રહ્યું છે. પોલીસ તમાશા જોઈ રહી છે. પાલનપુરના દિલ્હીગેટ વિસ્તારમાં ખરીદી કરવા આવેલ ગૃહિણીનું ભરબજારમાંથી પાકીટ ચોરાવાની ઘટના બનવા પામી છે.

પાલનપુરના દિલ્હીગેટ વિસ્તારમાં સાંજના સમયે ગૃહિણીઓ ખરીદી કરવા આવતી હોય છે. બજારમાં ભીડભાડ જોવા મળે છે. શોપીંગ કરવા આવેલી મહિલાનું થેલીમાંથી પાકિટ ચોરાવાની ઘટના બનવા પામી છે.

ખરીદી કરીને વેપારીને રૂપિયા આપવા જતા આ મહિલાને ખબર પડી કે તેનું પાકીટ ચોરાઈ જવા પામ્યું છે. પાકીટમાં રહેલ રૂ. ૩૦૦૦ ની ચોરી થતા મહિલાને ફાળ પડી હતી. જેથી આ ઘટનાની જાણ તેના ઘરવાળાઓને કરતા તુરંત દિલ્હીગેટ બજારમાં આવી પહોંચ્યા હતા અને ચોરી કરનાર છોકરીઓની ટોળકીની તપાસ હાથ ધરી હતી. પરંતુ કોઈ દેખાયુ ન હતુ.

ત્યારે આ વિસ્તારમાં અવાર-નવાર બનતી ચોરીની ઘટનાઓને ડામવા માટે પોલીસે કમર કસવાની જરૂર ઉભી થઈ છે. અહિંના લોકોએ પણ માંગણી કરી છે કે જો સવાર સાંજ પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવે તો ચોક્કસપણે ચોરીઓ અંકુશમાં આવી શકે.

# ખેડબ્રહ્મા રથયાત્રા આયોજન સમિતિના સભ્યોની બેઠક

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મામાં આગામી અષાઢી બીજના દિવસે યોજાનારી રથયાત્રાની તૈયારીના ભાગરૂપે રાધાકૃષ્ણ મંદિરમાં રવિવારે ઠાકોર મંદિરના ટ્રસ્ટીઓ રાધાકૃષ્ણ મંદિર ઉત્સવ સમિતિના સભ્યો, ગોપી મંડળ તથા નગરના વૈષ્ણવોની બેઠક મળી હતી. રથયાત્રા રાધાકૃષ્ણ મંદિરથી નીકળી જુની પોસ્ટ ઓફીસ જૈન દેરાસર, પટેલ ફળી, બ્રહ્માજી ચોક, બસસ્ટેન્ડ, હનુમાનજી મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, સરદાર ચોક, પેટ્રોલપંપ થઈ હસમુખલાલ તુલસીદાસ મોદીના નિવાસસ્થાને વિસામો લેશે. અને ત્યારબાદ મોટોપુલ, સુથારફળી થઈ નીજ મંદિરમાં રથયાત્રા પરત ફરશે. હસમુખલાલ મોદી દ્વારા ભગવાનનું પૂજન-આરતી સાથે ભગવાનનું મોસાળુ ભરાશે. જેઠ વદ બારસના રોજ ભગવાન મોસાળમાં પધારશે. આ બેઠકમાં ટ્રસ્ટીઓ જસવંતલાલ ભાવસાર, અરવીંદભાઈ પટેલ, સુર્યકાન્ત સોની સમિતિના સભ્યો લખુભાઈ અટારા, બંસીભાઈ સોની, નહારસિંહ દેવડા સહીત ગોપી મંડળની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

# બનાસકાંઠામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના કન્વીનર-સહકન્વીનર નિમાયા

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યભરમાં આગામી ૧૨ થી ૧૪ જૂન દરમ્યાન ગ્રામ્ય વિસ્તારોમાં અને ૧૯ થી ૨૧ જૂન દરમ્યાન શહેરી વિસ્તારોમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાનાર છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ આ કાર્યક્રમને વેગ મળે તે માટે કન્વીનર તરીકે જિલ્લા ભાજપ ઉપપ્રમુખ માધુભાઈ રાણાની તેમજ સહકન્વીનર તરીકે જિલ્લા સેલ સંયોજક નરેશભાઈ અખાણી અને જિલ્લા કારોબારી સદસ્ય ઓખાભાઈ પટેલ (થરાદ)ની નિમણુંક જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણે કરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન